ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)

ક./આઈ.આઈ.ટી.ઈ./પરીક્ષા/૯૧૫/૨૦૨૧ તા. ૨૩/૦૮/૨૦૨૧

# પરિપત્ર

આઈ.આઈ.ટી.ઈ. ના સેન્ટર ઓફ એજ્યુકેશન અંતર્ગત ચલાવવામાં આવતા વિવિધ સર્ટીફીકેટ કોર્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના સત્રમાં રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓ અગાઉ યોજેલ પરીક્ષા કોઈ કારણસર આપી શકેલ ન હોય તેઓ સારૂ માન. કુલપતિશ્રીની સંબંધિત ફાઈલ પર મળેલ મંજૂરી અન્વયે તા.૨૫ થી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૧ દરમ્યાન તેઓના ERP Login માંથી ફોર્મ ભરી શકશે, જેની પરીક્ષા તા.૧૬, ૧૭ અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન માધ્યમથી યોજાશે. જે અંગેનું વિગતવાર સમયપત્રક તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર વિદ્યાર્થીઓ દ્વારા કરેલ અરજીઓને ધ્યાને લઇ કરવામાં આવશે.

ઉપરોક્ત બાબતે તા.૨૯/૦૮/૨૦૨૧ પછી કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ તથા પરીક્ષા ફી ભરી શકશે નહિ જેની ખાસ નોંધ લેવી તથા આ પરીક્ષા બાદ ઉપરોક્ત બેચ માટે યુનિવર્સિટી દ્વારા બીજી કોઈ પરીક્ષા યોજાશે નહિ જે ધ્યાને લેવા વિનંતી.

જે વિદ્યાર્થીઓએ એક કરતા વધુ કોર્સમાં નોંધણી કરાવેલ હોય તેવા સંજોગોમાં તેઓ કોઈ એક જ કોર્સની પરીક્ષા આપી શકશે, કારણકે યુનિવર્સિટી દ્વારા અગાઉ પણ આ અંતર્ગત બે વખત પરીક્ષા યોજેલ હતી.

પરીક્ષા નિયામક

પ્રતિ,
સેન્ટર ઓફ એજ્યુકેશન
વિદ્યાર્થીઓને જાણ સારૂ – વેબસાઈટ પર